<u>પત્રક – ૧</u>

## “લોક દરબાર” અંતર્ગત મળેલ અરજીઓ

લોક દરબાર તારીખ : ૨૨/૦૭/૨૦૧૫

સ્થળ : ભાવનગર

સમય : સવારે ૧૦:૩૦ કલાકે

જિલ્લાનું નામ : ભાવનગર

તા. ૨૨/૦૭/૨૦૧૫ ના રોજ ભાવનગર મૂકામે યોજાયેલ જિલ્લા કક્ષાના લોક દરબારની વિગતો :

| પ્રગતિ અહેવાલ | |
|---|---|
| રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૭૫ |
| નિતિ વિષયક પ્રશ્નોની સંખ્યા | ૦૦ |
| નિકાલ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૭૫ |
| પ્રગતિ હેઠળ રહેલ પ્રશ્નોની સંખ્યા | ૦૦ |

| પ્રશ્ન નં. | રજુઆત કર્તાનું નામ અને સરનામું | પ્રશ્ન / રજુઆતની વિગત | જવાબ / નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી ( નિકાલ / પ્રગતિ હેઠળ / નીતી વિષયક ) | જો પ્રગતિ હેઠળ હોય તો નિકાલની સમયમર્યાદા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજયભાઈ અશોકભાઈ રાહેજા લાઈન-૯,રૂમ નં-૧,રસાલા કેમ્પ, ભાવનગર. | કોમર્શીયલ કનેક્શન ન મળવા બાબત (હેતુ ફેર ન થવા બાબત) | રજૂઆત કરતા શ્રી વિજયભાઈ અશોકભાઈ રાહેજા, અશોકકુમાર કાકુમલ રાહેજા ના પુત્ર છે તથા તેમના પિતાશ્રી અશોકકુમાર કાકુમલ રાહેજાનું અવસાન થયેલ છે. શ્રી વિજયભાઈ અશોકભાઈ રાહેજા ગ્રા.નં.૩૦૪૦૩/૦૩૩૯૭/૭ થી તેમના પિતાશ્રી અશોકકુમાર કાકુમલ રાહેજાના નામે રહેણાકીય હેતુનું કનેકશન ધરાવે છે. આથી વિજયભાઈને નામ ટ્રાન્સફર તથા હેતુ ટ્રાન્સફર માટે એ-૧ ફોર્મ સાથે અરજી કરવા રૂબરૂ જણાવેલ છે | બી.બી.જીંજાલા નાયબ ઇજનેર ,કાળાનાળા,સ.ડી ૯૮૭૯૨૦૧૯૩૫ . | કાળાનાળા સ.ડી. | શહેર વિભાગીય કચેરી-૧ | ભાવનગર | નિકાલ | | |
| ૨ | ધર્મેન્દ્રસિંહ પ્રતાપસિંહ સરવૈયા પ્રથમ માળ,પ્લોટ ન˙૬૩/એ, નિર્ભય સોસયતિ,ચિત્રા | પ્લોટ નંબર ૬૩/એ માં વીજ જોડાણ આપવા બાબત | સદર પ્લોટ ન.૬૩ એ નિર્ભય સોસાયટી ખાતે ઓફિસ રેકોર્ડ મુજબ શ્રીમનુભા પાર્થરાજસીહ ગોહિલ ના વિજબીલ પેટે બાકી લેણા રૂ. ૨૩૨૯૬.૬૦ નિકળતા હોઇ નવુ ક્નેકશન આપી શકાય નહિ | શ્રી પી.ડી. પરમાર,નાયબ ઇજનેરચીત્રા ૯૮૭૯૨૦૧૯૭૫ | ચીત્રા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩ | બામભણીયા ધુધાભાઈ રમેશભાઈ ગામ:- ભડભડીયા | ૧૨૬ હેઠળ પાવર ચોરી નુ બિલ ખોટી રીતે આપવા બાબત | સદર ગ્રાહ્ક વિજળી અધીનિયમ ૨૦૦૩ની કલમ ૧૨૬ હેઠળ પુરવણી બિલ પી,જી. વી.સી..એલ ના નિયમ મુજબ આપવામા આવેલ છે | શ્રી આર.આર.શેઠનાયબ ઇજનેર ઘોઘા ૯૮૭૯૬૧૯૨૭૮ | ઘોઘા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | શ્રી સુખદેવસિહ અમુભા ગોહિલ મું.ભંડારીયા | AG PT (શિફ્ટીંગ) તેમજ AG NT (નામ ટ્રાન્સફર) ન કરી આપવા બાબત | સદર માંગણીમા મુળ જ્ગ્યા અને નવી જ્ગ્યા ના માલીક અલગ હોવાથી, વારસાઈ એન્ટ્રી થયા બાદ નવા ૭-૧૨ માં નવું નામ આવ્યા બાદ AG PT (શિફ્ટીંગ) તેમજ AG NT (નામ ટ્રાન્સફર) પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજબ આપી શકાય. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૫ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ ગામ:નાગધણીબા | ૧) ખેતીવાડીમાં ટી.સી. બળે ત્યારે ફરિયાદ લખ્યાથી કેટલા દિવસમાં બદલવામાં આવશે. | ખેતીવાડીમાં ટીસી બળે ત્યારે સામાન્ય સંજોગોમાં ૨૪ કલાકમાં જ ટીસી બદલવાની કાર્યવાહી કરવામાં આવે છે.. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૬ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ ગામ:નાગધણીબા | ૨) ખેડૂતો પાસે તે ટી.સી.માં કેટલા ગ્રાહકો છે તેના નંબર/નામની યાદી માંગે છે.જેના બાકી બિલ હોય તે ભરી આપવાનું કહે છે. પછીથી તપાસ થશે આવો જવાબ આપે છે, તો કાયદામાં આ જોગવાય છે? | ટી.સી. માં કેટલા ગ્રાહકો છે તેના નંબર/નામની યાદી ઓફીસ રેકોર્ડમા ઉપલબ્ધ હોય છે. બિલના બાકી નાણાં સમય મર્યાદામાં ભરવાના હોય છે. ખેડુતો પાસે સદર માહિતી માંગવામાં આવતી નથી અને કાયદામાં પણ જોગવાઇ નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૭ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ ગામ:નાગધણીબા | ૩) જે ખેડૂતો જાન્યુઆરી,ફેબ્રુઆરીમાં એડવાન્સ બિલ ભરે છે તેને તાત્કાલિક પાવર પુરવઠો આપવો તેવી કાયદામાં જોગવાય છે? | ના આ પ્રકારની કોઈ પણ જોગવાઈ નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૮ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળગામ:નાગધણીબા | ૪) કોઈ ખેડૂતો વિઘ્નસંતોષી હોય છે, પાવરબિલ જાણીને નાં ભરે તો ટી.સી. બદલવાનું બંધ રહેશે? | વિઘ્નસંતોષી કે જે પાવર બીલ જાણી જોઈને ના ભરે તેનું વીજ જોડાણ કાપ્યા બાદ ટીસી બદલવામાં આવે છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૯ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ ગામ:નાગધણીબા | ૫) પી.જી.વી.સી.એલ. પાસે કાયદો/સત્તા છે, જે તે ટી.સી.નાં ખેડૂતોના નામ/નકશો રજીસ્ટરમાં છે. કાયદાકીય રીતે કોઈ ગ્રાહકનું બિલ બાકી હોય તો કનેક્શન કાપવાની સત્તા/કાયદો અધિકારી પાસે હોય છે. તો આ કામ ખેડૂતોએ કરવાનું હોય છે? | ના, ખેડુતોએ કનેકશન કાપવાનું હોતુ નથી, તે કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરવામાં આવે છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ ગામ:નાગધણીબા | ૬)આજે મોબાઈલથી ફરિયાદ નોંધવાનું શરુ કર્યું છે. પાવર માટે મોબાઈલથી પૂછપરછ કરી શકાય તેવી જોગવાઈ છે તો જે તે નીમેલા અધિકારીને ફોન કરીએ તો ૧૦ થી ૨૦ રીંગ પૂરી થાય તો પણ ફોન ઉપાડતા નથી.એક બે વખત રીંગ વાગે તો ફોન દર વખતે કાપી નાખે છે અથવા મોબાઈલ સ્વીચઓફ કરે છે. તો આ અધિકારીએ ગ્રાહકોની ફરિયાદ સાંભળવી/કમ્પ્લેન ન. આપવો/ટાઈમે તપાસ નાં થાય અથવાકામ ન થાય અને મોબાઈલથી જાણવા ફોન કરે તો ઉપાડે નહિ તો આવા માનસવાળા અધિકારીની જગ્યાએ માનવતાવાળા અધિકારીને તાત્કાલિક મૂકી શકાય કે નહિ? તે લેખિતમાં જવાબ આપશો? | અધિકારીઓ દ્વારા ફોન ઉપાડવામાં આવે છે પરંતુ ચોમાસા દરમિયાન વધારે ફરિયાદ હોવાના કારણે ફોન વ્યસ્ત હોય છે તેમછતાં આજરોજ અધિકારીઓને સદર બાબતે સુચના આપવામાં આવેલ છે | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | |
| ૧૧ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૧)જયારેપી.જી.વી,.સી.એલ. તરફથી ચેકિંગ માટે સ્ટાફ/ગાડીઓ જાય છે ત્યારે દંડ લખીને મેમો પકડાવી દેતા હોય છે તેમાં ખોટી રીતે નિર્દોષ ખેડૂતોને દંડનો મેમો આપીને જે તે લાગુ પાવર સ્ટેશનમાં/ઓફિસમાં નોંધ કરે છે. | ના આ વાત ખોટી છે. સ્થળ ઉપર દંડનો મેમો આપવામાં આવતો નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | |
| ૧૨ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૨) જેમનો દંડ કરવાનો થતો હોય તે ખેડૂતને અથવા તેમના જવાબદાર માણસોને કારણ દર્શાવીને ગુનાહિત કાર્ય કર્યું છે તેની સાબિતી દર્શાવવી. પછી તે વાડીના માલિક કોણ છે અને ખેડૂત તરફના માણસો કોનું નામ લખાવે છે તેમાંથી સાચી ઘટના તપાસી પછીથી કસુરવારને દંડ કરવો જોઈએ. | ચેકિંગ દરમિયાન ચેકિંગ અધિકારી દ્વારા ચેકિંગ શીટ ભરવામાં આવે છે અને રોજકામ કરવામાં આવે છે,ત્યારબાદ પીજીવીસીએલના નિયમ મુજબ પુરવણી બિલ આપવામાં આવે છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૩) ગુનાહિત માણસો પાડોશીનું નામ લખાવી દેતા હોય છે. અથવા મનથી કોઈ નામ ખોટા જોડીને લખાવતા હોય છે. તો જવાબદારી સ્વીકાર કરનાર વ્યક્તિનો ફોટો લેવો/ગુનાહિત કૃત્યનો ફોટો લેવો અને વાડીમાં ઝાડ/ઓરડી/કુવો જે હોય તેનો ફોટો લઈને આ ફોટા પી.જી.વિ.સી.એલની ની ઓફિસમાં રાખવા અને નિર્દોષ માણસનું નામ લખ્યું હોય અને સાબિતી માંગે તો તેને બતાવીને ખરાઈ કરાવવી. | ચેકિંગમાં ચેકિંગ અધિકારી દ્વારા ચેકિંગ શીટ તેમજ રોજકામ કરવામાં આવે છે, અને જરૂર પડે તો વિડિયોગ્રાફી પણ કરવામાં આવે છે | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૪) પાવર વોલ્ટેજમાં જ્યાં ટી.સી. હોય ત્યાંથી ૧૦૦ મીટર પછીથી લાઇનમાં વોલ્ટેજ ઘટતા હોય છે. ખેતીવાડીમાં ૪૩૦ પાવર એક ફેઝમાં પુરો આપવો.જયારે વોલ્ટેજ માપવા હોય ત્યારે જે તે માલિક ખેડૂતનો ૪૩૦ વોલ્ટ પાવર ત્રણેમાં બતાવવો. પછી એમ્પીયર માપતાં મોટી મોટર લાગે તો મોટર બહાર કઢાવીને જે તે કંપનીમાં અથવા લાઇસન્સવાળા રીવાઈન્ડરપાસે મોટરના હોર્સપાવર કઢાવવા અને પછીથી દંડ થવો જોઈએ. આ રીત સિવાયના ખોટી રીતે જોહુકમીના/દાદાગીરીના દંડ બંધ થવા જોઈએ.પી.જી.વી.સી.એલની ઓફિસમાં કુવો અથવા બોર રાખો અને ત્યાં નવી મોટર ઉતારી વોલ્ટેજ તપાસો/૩ વર્ષ પછી/૫ વર્ષ પછી તપાસો, જેમ જેમ સમય જશે તેમ તે મોટર એમ્પીયર વધુ લેતી જશે તેની ખાત્રી કરો | વિજચેકીંગ ની કાર્યવાહી દરમ્યાન સક્ષમ અધિકારીશ્રી દ્વારા એક્યુચેક મીટર દ્વારા સ્થળ પર મોટરના જરૂરી તાંત્રિક પરિબળો જેમ કે એમપીયર, વૉલ્ટેજ વગેરે માપી જોડાયેલ મોટરનો વિજભાર નક્કી કરવામાં આવે છે અને ત્યારબાદ તેના આધારે જ ઓવરલોડ નું બિલ આપવામાં આવે છે.ઉદાહરણ તરીકે, ખેતી વિષયક ગ્રાહકો માટે સ્થળ તપાસણી દ્વારા જોડેલો વિદ્યુતભાર નક્કી કરવાની પધ્ધતિ :૧) ગ્રાહક નું નામ: જીવા હરદાસ આડોદરા ૨)ગ્રાહક નંબર: ૩૫૭૦૧/૦૦૨૭૧/૩ ૩) ચેકીંગશીટ નંબર: ૧૫૭૨ ૪) ગ્રાહકનો કરારીત વિજભાર: ૭.૫ હો.પા.૫) ગામનું નામ: બગવદર ૬)પેટાવિભાગીય કચેરી: બગવદર• વર્તુળ કચેરી: પોરબંદરv સ્થળ તપાસણી દરમ્યાન માપવામાં આવેલ તાંત્રિક પરિબળો :- V1=૪૨૫વૉલ્ટ, V2= ૪૨૪વૉલ્ટ, V3= ૪૨૫વૉલ્ટ, V(avg.) = ૪૨૫વૉલ્ટI1= ૧૬.૩એમ્પ., I2= ૧૬.૦૮ એમ્પ, I3= ૧૬.૪ એમ્પ, I(avg.) = ૧૬.૩ એમ્પપાવર ફેક્ટર ( P.F.) ૦.૮v જોડેલો વિધુતભારની ગણતરી: જોડેલો વિધુતભાર= √3 * V(Avg.) * I(Avg.) * P.F. * કાર્યાક્ષમતા ફેક્ટર = ૧.૭૩ * ૪૨૫ * ૧૬.૩ * ૦.૮ * ૦.૮૫ = ૮૧૪૯.૫૧ watt = ૮૧૪૯.૫૧/ ૭૪૬ = ૧૦ H.P. v વધારાનો વિજભાર= જોડેલો વિજભાર - કરારીત વિજભાર = ૧૦ – ૭.૫ = ૨.૫ H.P. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯ ૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૫)પી.જી.વી.સી.એલની ઓફિસમાં કુવો અથવા બોર રાખો અને ત્યાં નવી મોટર ઉતારી વોલ્ટેજ તપાસો/૩ વર્ષ પછી/૫ વર્ષ પછી તપાસો, જેમ જેમ સમય જશે તેમ તે મોટર એમ્પીયર વધુ લેતી જશે તેની ખાત્રી કરો | સદર બાબતની રૂબરૂમાં ચર્ચા કરેલ. સદર બાબત અંગે રૂબરૂમાં સમજણ આપેલ છે કે તેઓની રજૂઆત કાયદાકીય રીતે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વિશેષમાં તેઓ શ્રીને જણાવેલ કે સમયાનુસાર મોટર જૂની થાય તેમ યોગ્ય કેપેસિટીના કેપેસિટર વાપરવા જોઈએ તેમજ આઈ.એસ.આઈ.માર્કો ધરવાતી યોગ્ય કેપેસિટીની મોટર વાપરવા સમજણ આપેલ. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૧૬ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૬) ખોટા દંડ આવે અને ખેડૂત અપીલ કરે/કારણ દર્શાવે/પંચાયતમાં પુરાવા આપે ત્યારે તેમને સાંભળવા જોઈએ. જવાબદાર અધિકારીએ જે તે સ્થળની મુલાકાત લઈને ઇન્સ્પેકશન કરવું જોઈએ અને પંચ રૂબરૂ અધિકારીએ પોતાના મંતવ્યો રજુ કરી ચર્ચા કરવી જોઈએ અને જેને મોટર જ નથી તેવા ખેડૂતોના દંડ રદ કરવા જોઈએ. | અપીલની સમય મર્યાદામાં ગ્રાહકને સંભાળવામાં આવે છે તથા ગ્રાહક દ્વારા ચેકિંગ બાબતે વાંધા અરજી મળતા પેટાવિભાગીય કચેરીના અધિકારીઓ દ્વારા સ્થળની મુલાકાત લઇ ઇન્સ્પેકશન કરવામાં આવે છે. ભુતકાળમાં આવા ઇન્સ્પેકશન કરવામાં આવેલ છે અને યોગ્ય નિકાલ પણ કરવામાં આવેલ છે | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૧૭ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૧) નાગધણીબા ગામમાં પ્રથમ એક ટી.સી. હતું. પછી જરૂરિયાત વધતા બીજું ટી.સી. ઊભું કર્યું.વળી જરૂરિયાત વધતાં ત્રીજું ટી.સી. નવાપરામાં ઊભું કર્યું છે. જેમાં ઘણી ગેરરીતિઓ કરી છે. | સદર બાબતમાં તથ્ય નથી. નાગધણીબામાં ઉભા કરવામાં આવેલ નવા ટીસીનું સર્વે ગામના સરપંચશ્રી તેમજ ઉપસરપંચશ્રીની હાજરીમાં કરવામાં આવેલ છે તેમજ ટીસીનું સ્થળ અને ટીસી ઉભુ કરવાનું કામ ઉપસરપંચશ્રની હાજરીમાં કરવામાં આવેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૨) સરપંચશ્રીને અથવા ગ્રામપંચાયતને જાણ કર્યા વિના/સ્થળ દર્શાવ્યા વિના તળાવની પાળ ઉપર પોતાની રીતે ટી.સી. ઊભું કર્યું છે. હવે આ ગામનાં ખોટા તળાવને ગ્રામપંચાયતે ગામ તળાવમાં ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. ગામતળની મંજૂરી મળ્યેથી પાળ તોડી પાડવામાં આવશે. જયારે ટી.સી.નો એક ટેકરો રાખવાથી ભવિષ્યમાં ટી.સી. બદલવાનું થાય ત્યારે વાવાઝોડું થાય ત્યારે સલામતી રહેશે નહિ. તેની નોંધ લેશો | નાગધણીબામાં ઉભા કરવામાં આવેલ નવા ટીસીનું સર્વે ગામના સરપંચશ્રી તેમજ ઉપસરપંચશ્રીની હાજરીમાં કરવામાં આવેલ છે તેમજ ટીસીનું સ્થળ અને ટીસી ઉભુ કરવાનું કામ ઉપસરપંચશ્રની હાજરીમાં કરવામાં આવેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૧૯ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૩) ગામમાં ત્રણ ટી.સી. થયા છે તો નવાપરાના નવા ટી.સી.માં ૫૦ ટકા અને વધુ વપરાશ વાળા કનેકશનો છે. જયારે ૫૦ ટકામાં બે ટી.સી. છે.બીજું માપ કરવા વધુ અને પ્લોટ એરિયા હોવાથી અંતરથી કનેકશનો હોવાથી વોલ્ટેજ બહુ જ ઓછા આવે છે. કોઈ કોઈ લેમ્પ શરુ થતાં નથી. પંખા ફરી શકતા નથી. અવાર નવાર ઉપકરણ બળે છે. તો આ ત્રણે ટી.સી.ની ગણતરી કરીને સપ્રમાણમાં કનેકશનો વહેંચી આપવા અને ફેરફાર કરવો તેમજ એક બીજા ટી.સી.ની લાઈન જોઇન્ટ ન થાય તેમ કરવું. | ગામમાં નવાપરના નવા ટીસીમાં લોડ વેરીફાઇ કરેલ છે અને તા.૩૧.૭.૧૫ ના રોજ ૬૩ કે.વી.એ ટી.સી.નુ ઓગમેન્ટેશન કરી ૧૦૦ કે.વી.એ.ટી.સી. કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯ ૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૪) નવાપરામાં લો વોલ્ટેજ આવે છે. તેમજ વોટરશેડનાં પીવાના પાણી માટેના પંપના કનેક્શનમાં લો વોલ્ટેજ આવે છે. આ બાબતની જાણ જાડેજા સાહેબને કરી છે. તપાસ થઇ છે. વોટર સપ્લાય માટે ટાંકી/પંપ પાસે નવું ટી.સી. મુકવા જણાવ્યું છે.જેને ચારથી વધુ માસ થયા છતા કોઈ કાર્યવાહી થઇ નથી. તો વહેલી તકે પાણી પુરવઠાનું ટી.સી. આપવું. | પાણીપુરવઠાનું ટીસી અલગ કરવા માટે સ્થળ પર માણસો કામ કરવા માટે ગયેલ પરંતું ગામલોકો દ્વારા વાંધો ઉઠાવી કામ ન કરવા દિધેલ. આથી આ કામ થયેલ નથી. સદર બનાવની જાણ સરપંચશ્રીને મામસા સ.ડી.ના પત્ર નં.૫૦૫૫ તા ૧૪.૮.૧૫ થી કરેલ છે તથા આપના તરફથી અત્રેની ઓફીસે કોઈ પ્રકારનો વાંધો નહિ આવે તેવી બાહેધરી/ખાતરી આપતો પત્ર આપવો, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે.પરતું તેમના તરફથી આ બાહેધરી/ખાતરી મળેલ નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨૧ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૫)કોઈ કોઈ વાર ૨-૨ દિવસ લો વોલ્ટેજ બતાવે, પાણીની મોટર ઉપડતી નથી અને પાણી હોવા છતાં ગામ પાણીથી વંચિત રહે છે તો પાણી પુરવઠાનું ટી.સી. તાત્કાલિક નવું ઊભું કરાવી આપવું. | પાણીપુરવઠાનું ટીસી અલગ કરવા માટે સ્થળ પર માણસો કામ કરવા માટે ગયેલ પરંતું ગામલોકો દ્વારા વાંધો ઉઠાવી કામ ન કરવા દિધેલ. આથી આ કામ થયેલ નથી. સદર બનાવની જાણ સરપંચશ્રીને મામસા સ.ડી.ના પત્ર નં.૫૦૫૫ તા ૧૪.૮.૧૫ થી કરેલ છે તથા આપના તરફથી અત્રેની ઓફીસે કોઈ પ્રકારનો વાંધો નહિ આવે તેવી બાહેધરી/ખાતરી આપતો પત્ર આપવો, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે.પરતું તેમના તરફથી આ બાહેધરી/ખાતરી મળેલ નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨૨ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૧) આજે પી.જી.વી.સી.એલ. એક નિગમ બનીને પાવર પુરવઠાનું નિયંત્રણ કરીને ગ્રાહકોને પહોંચાડવા ગ્રાહકો સાથે વ્યાપારી સબંધ ધરાવે છે | હા, આ બાબત તદન ખરી છે કે આજે પી.જી.વી.સી.એલ. એક નિગમ બનીને પાવર પુરવઠાનું નિયંત્રણ કરીને ગ્રાહકોને પહોંચાડવા ગ્રાહકો સાથે વ્યાપારી સબંધ ધરાવે છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૨)ખેતીવાડી/રેસીડેન્ટ નવા કનેક્શન લેવા માટે/ચાલુ કનેક્શનમાં ફોલ્ટ હોય/બંધ પડે ત્યારે/અથવા કોઈપ્રકારની નવી ફરિયાદ. કામકાજ માટે ઓફિસે જાય છે ત્યારે જે તે ઓફિસમાં બેઠેલા અધિકારીઓ બેપરવાહી બનીને જવાબ આપે છે. તુમાખીભર્યું વર્તન કરે છે. તો અધિકારી માટે કાઈ પણ ફરજ હોઈ છે ખરી? | દરેક કર્મચારી/અધિકારી શિસ્તબધ્ધ રીતે વર્તન રાખી ગ્રાહકોને જવાબો આપતા જ હોય છે. તેમ છતાં હાજર અધિકારીને આ બાબતે રૂબરૂ સુચના આપેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨૪ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૩)ગ્રામીણ માણસો કાયદાથી વંચિત છે. કયા કામ માટે કોને મળવું તેની ખબર હોતી નથી. અથવા તો જવાબદાર અધિકારી હાજર હોતા નથી, અને ધરમ ધક્કા ખાય છે. અથવા અધિકારીનાં બોલનો ભોગ બને છે. તો ગ્રાહકોને ક્યાં કામ માટે કોને મળવું/તેમની રજૂઆત શું છે? તે રજૂઆત માટે તપાસ/કામ ક્યારે થશે આ દરેક ધોરણસર અને નિયમમુજબ પ્રેમથી પોતાની જવાબદારી/ફરજ સ્વીકારી માનવતાના ધોરણે જવાબ/માર્ગદર્શન આપી સંતોષ આપવો જોઈએ. મદદ કરવી જોઈએ | મામસા પેટાવિભાગીય કચેરીમાં ગ્રાહકોને વધુ સવલત મળી રહે તે માટે જે તે કામ માટે કયા વ્યકિતને મળવું તે પેટાવિભાગીય કચેરીએ બોર્ડમાં લખી લગાવવામાં આવેલ છે. અધિકારીઓ ઓફિસના કામસર ફિલ્ડમાં ગયેલ હોય ઓફિસે હાજર ન હોય શકે. તેમછતાં આજરોજ દરેક અધિકારીને યોગ્ય વર્તન કરવા સૂચના આપવામાં આવેલ છે . | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨૫ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૪) કોઇપણ ગામમાં/સીમમાં જ્યાં ત્યાં થાંભલાઓ નમી ગયેલા છે. તાણીયા ખેચાઇ ગયેલા છે અથવા તૂટી ગયા છે. ઘણાં થાંભલાઓ ૪૫ અંશના ખૂણે નમી ગયેલા છે. પરંતુ વાયરના આધારે ત્રાંસા ઉભા છે. તો આ બાબતની જાણ જાણ ગ્રાહકો કરે છે ચોક્કસ, પરંતુ તેની નોંધ થતી નથી. તપાસ થતી નથી. તેમજ રિપેરીંગ વ્યવસ્થિત થતું નથી. | સમયાન્તરે લાઇનોનું સમારકામ કરવામાં આવે છે છતાં સમારકામની જરૂરીયાત હશે તેવા લોકેશન જણાશે તો રીપેરિંગ કામ તુરંતમાં કરવામાં આવશે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯ ૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૫) અમારા ગામ નાગધણીબાનાં ખેડૂતોને નાગધણીબા,વાવડી,રાજપરા,કરેડા,સાણો દર કુલ-૫ ગામમાં જમીન ધરાવે છે. અને ખેતીવાડીમાં તણસા/મામસા/નથુગઢ અને ઘોઘાનો ૪ પાવર સ્ટેશનનો પાવર છે. એક એક નં.માં ૨ પાવર સ્ટેશનના પાવર આપ્યા છે. અને જ્યાં ત્યાં મેઈન લાઈનની ચોકડી હોવાથી પાવર શર્કિટ/ આકર્ષણ થવાથી વધુ નુકસાન થાય છે. તો એક ગ્રુપમાં એક જ પાવર સ્ટેશનનો પાવર હોવો જોઈએ તો આ સુધારો ખાસ કરવાનો છે. | સદર બાબતે જયાં ક્રોસિંગ હોય ત્યાં ક્રોસિંગ દૂર કરેલ છે. તેમજ હાલમાં અન્ય કોઈ ક્રોસિંગ હયાત નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨૭ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૧)આપશ્રીને ભાવનગર લોક દરબારમાં લેવા તા ૧૫.૭.૧૫ના દિવસે ચાવડીગેટ ઓફિસે આપેલ અરજીમાં સંપૂર્ણ હકીકત જણાવેલ છે. | હા, તા ૧૫.૭.૧૫ના દિવસે ચાવડીગેટ ઓફિસે અરજી મળેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨૮ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૨)નાગધણીબા ગામનું ખેતીવાડીનુ ટી.સી. જયારે વાવાઝોડું થયું, થાંભલાઓ ભાંગ્યા,વાયર તૂટ્યા ત્યારે સહીસલામત હતું. આ વાવાઝોડું તા-૨૨-૦૬-૧૫નારોજ થયું હતું | તા.૨૨/૬/૧૫ ના રોજ આવેલ વાવાઝોડાના કારણે ઘણી લાઇનને નુકસાન થયેલ અને સર્વ પ્રથમ ગામડાઓમાં વીજપુરવઠો શરુ કરવાનો હોવાથી ખેતીવાડીમાં વાવાઝોડાને કારણે ખોરવાયેલ વીજપુરવઠો શરુ કરવામાં વિલંબ થયેલતે બાબતની સંપૂર્ણ ચર્ચા લોકદરબાર વખતે કરવામાં આવેલ અને તે બાબતની સરપંચશ્રીને વધુ ફરિયાદ રહેલ નહિ. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૩) ત્યારબાદ રીપેરીંગ કામ શરુ થયું. અમોએ મામસા અને ચાવડીગેટ રીપેર કરવા લેખિતમાં તા-૩૦-૦૬-૧૫ ના રોજ તેમજ ફોનથી જાણ કરી છે. ત્યાર પછી બે વખત જોવા માટે માણસો આવીને નુકસાની/ફોલ્ટ જોઈને જતા રહ્યા હતા. | તા.૨૨/૬/૧૫ના રોજ આવેલ વાવાઝોડાના કારણે ઘણી લાઇનને નુકસાન થયેલ અને સર્વ પ્રથમ ગામડાઓમાં વીજપુરવઠો શરુ કરવાનો હોવાથી ખેતીવાડીમાં વાવાઝોડાને કારણે ખોરવાયેલ વીજપુરવઠો શરુ કરવામાં વિલંબ થયેલ તે બાબતની સંપૂર્ણ ચર્ચા લોક દરબાર વખતે કરવામાં આવેલ અને તે બાબતની સરપંચશ્રી ને વધુ ફરિયાદ રહેલ નહિ. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩૦ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૪)ભરતભાઈ જીવરાજભાઈ ની વાડીમાં-૧ વાયર તૂટીને તાર ફેન્સીંગ ઉપર પડ્યો હતો.જે બોર્ડ નાં માણસો ૨ વખત જોઈ ગયા હતા. તા-૫-૭-૧૫ નાં દિવસે આ લાઈનમાં બોર્ડના માણસોએ પાવર આપવાનું કહ્યું તો બટુકભાઈ નામના વ્યક્તિએ કહ્યુંકે ભરતભાઈ ની વાડીમાં વાયર નીચે પડ્યો છે. તે રિપેર કરીને પાવર આપો તો તે ધ્યાનમાં લીધું નહિ. પાવર શરુ કર્યો. ભરતભાઈની આખી વાડી ફરતે પાવર મળવાથી તાર ફેન્સિંગમાં તણખા ખર્યા. વાડીમાં મજુર કામ કરતા હતા તેમણે બુમાબુમ કરી અને બાજુની વાડી વાળા એ દોડીને ટી.સી.થી ડીઓ કાપીને લાઈન બંધ કરી. ભરતભાઈની વાડીમાં શોર્ટસર્કિટ થઇ ત્યારે બાજુની વાડીમાં ભડાકા થયા. તણખા થયા અને નવા બે વાયર તૂટીને નીચે પડ્યા.ટી.સી.માં માથે તણખા થયા,ભડાકા થયા, ઓઇલનો ફુવારો થયો. આ રીતે થયા પછીથી બાજુવાળાએ ડીઓ તોડીને ટી.સી.માં પાવર બંધ કર્યો હતો | તા ૧૬.૧૦.૧૫ રોજ ગામ સભા યોજેલ છે અને પ્રશ્નનું નિરાકરણ કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૫)આ રીતે એકલી બેદરકારીથી જાણ હોવા છતાં વાયર બાંધવાનું કહ્યું છતાં પાવર આપ્યો અને તા ૦૫-૦૭-૧૫ નાં દિવસે ટી.સી. બળ્યું. ઓછો વત્તો બે ફેઝમાં મળે છે. બે ફેઝમાં મોટરો ચાલે તેવું રીવાઈન્ડીંગ કરાવ્યું હોય તેની મોટરો એકાદ કલાક ચાલે. બાકીની દરેક મોટરો બંધ છે. | તા ૨૪.૦૬.૨૦૧૫ના રોજ આવેલ વાવાઝોડાના કારણે એચ.ટી., એલ.ટી.લાઈન, ટ્રાન્સફોર્મર સેન્ટરોને પારાવાર નુકશાન થવા પામેલ હતું. ગામડાઓમાં વીજ પુરવઠો પૂર્વવત કરતા એક અઠવાડિયા કરતા વધારે સમય થયેલ. ત્યારબાદ ખેતીવાડી ફીડરોની મરામતનું કામ હાથ પર લીધેલ અને રજૂઆત કર્તા શ્રીના ખેતીવાડી ગ્રુપમાં તા ૦૭.૦૭.૨૦૧૫ના રોજ એચ.ટી., એલ.ટી.લાઈન, ટ્રાન્સફોર્મર સેન્ટરનું મેન્ટેનન્સ કરી વીજ પુરવઠો રાબેતા મુજબ શરૂ કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯ ૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩૨ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૬)૧૫ થી ૨૦ કનેક્શન હોય તે દરેકની મોટરો શરૂ કરાવીને જે તે સત્તાધીશ અધિકારીએ રૂબરૂ તપાસીને નિર્ણય લેવો જોઈએ. આ રીતે ખેડૂતો ને પાક સુકાય અને પારાવાર નુકસાની થઇ છે. | તા ૨૪.૦૬.૨૦૧૫ના રોજ આવેલ વાવાઝોડાના કારણે એચ.ટી., એલ.ટી.લાઈન, ટ્રાન્સફોર્મર સેન્ટરોને પારાવાર નુકશાન થવા પામેલ હતું. ગામડાઓમાં વીજ પુરવઠો પૂર્વવત કરતા એક અઠવાડિયા કરતા વધારે સમય થયેલ. ત્યારબાદ ખેતીવાડી ફીડરોની મરામતનું કામ હાથ પર લીધેલ અને રજૂઆત કર્તા શ્રીના ખેતીવાડી ગ્રુપમાં તા ૦૭.૦૭.૨૦૧૫ના રોજ એચ.ટી., એલ.ટી.લાઈન, ટ્રાન્સફોર્મર સેન્ટરનું મેન્ટેનન્સ કરી વીજ પુરવઠો રાબેતા મુજબ શરૂ કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩૩ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૭) નાયબ ઇજનેરશ્રી ગ્રાહકના નાં નામ/ગ્રા.નં/બિલ ભર્યું બાકીની યાદી ખેડૂતો પાસે માંગે છે. આજે મોહન ઉકાવાળી વાડીનું માગ્યું છે. તો આ યાદી રજીસ્ટરમાંહોય છે તો આ યાદી આપવા બિલ ભરવા પછીથી ટી.સી. બદલવાનું કહે છે તે રદ કરવું. | ગ્રાહકના નામ/ ગ્રા.નં/ બિલની બાકી રકમની માહિતી ઓફિસમાં ઉપલબ્ધ હોય છે. સદર માહિતી ખેડુતો પાસે માંગવામાં આવતી નથી. જે ગ્રાહકે બિલ સમય મર્યાદામાં ન ભરેલું હોય તેનું કનેકશન કાપ્યા બાદ ટીસી બદલવામાં આવે છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૧) તા ૨૨-૦૬-૧૫નુ પવન સાથે મોટું વાવાઝોડું થવાથી જ્યાં ત્યાં થાંભલાઓ ખેચાઇ ગયા હતા. કોઈ કોઈ ભાંગી ગયા હતા. આ રીતે ખુબ જ નુકશાન થયું છે | તા.૨૨-૦૬-૧૫ ના રોજ આવેલ વાવાઝોડું એ કુદરતી આફત છે. જેના કારણે ઇલેકટ્રીક લાઇન/થાંભલા ને ઘણું નુકસાન થયેલ હતું. પરંતું ઇલેકટ્રીક લાઇન/થાંભલાઓનું શકય હોય તેટલી ઝડપથી સમારકામ કરી પાવર સપ્લાય ચાલુ કરવામાં આવેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩૫ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૨)આ નુકસાનનું અમોએ ખેડૂતોએ સર્વે કર્યું છે. તો અમારા તારણ મુજબ છેલ્લા ૫ વર્ષમાં ઉભી કરવામાં આવેલી લાઈનમાં ૮૫ ટકા થાંભલાઓ પડી ગયા છે. થાંબલા પડવાથી તાર તૂટ્યા છે. જયારે જૂની લાઈનમાં ફક્ત ૧૫ ટકા નુકસાન થયું છે. પીજીવીસીએલના અધિકારીઓ/ઇન્સ્પેક્શન સત્તાધિકારીઓ વિગેરે દરેક સ્ટાફ જે તે કામ ચાલતું હોઈ ત્યાં તપાસ કરતા હોય તો આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય નહિ. બેદરકારી અને સ્નેહ સબંધ રાખવા માટે ભોગ ખેડૂતોએ બનવાનું છે. જે થાંભલાઓ પાડી ગયા તે જુના થાંભલા કરતા ઉપર ખાડા તાણીયા સાવ છુટા માટીમાં ઉપર રાખેલા અને બેદરકારીથી કરેલા કામ બદલ ખેડૂતોને પારાવાર નુકસાન થયું છે. | સદર બાબતની રૂબરૂમાં ચર્ચા કરેલ અને એવું કાઈ સ્પષ્ટ ફલિત થયેલ નથી.વાવઝોડા દરમિયાન વરસાદ અને અતિ તીવ્ર પવનને કારણે લાઈન પડેલ હતી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૩)ખેડૂતોને ભાજી-ધાણા રોજ પાવાનું હોય છે. શાક બકાલું એકાંતરે ત્રીજે દિવસે પાવાનું હોય છે. રોપ ત્રીજે દિવસે પવન હોય છે. ગરમી ની સીઝન છે તો એક એક મહીનો પાવર બંધ રહે તો પાકની શું પરિસ્થિતિ થાય તે વિચારો. ડાર્ક જગ્યાએ મોટરો હોવાથી પાવા માટે શું કરવું પડે અને ખેડૂતોને સહન કરવું પડે.તેમજ કેટલી ખોટ જાય તે વિચારો. | સદર બાબતને રૂબરૂ ચર્ચામાં લીધેલ અને ચોકસ રજૂઆત કરવા માટે જણાવેલ પરંતુ કોઈ ચોક્કસ રજૂઆત ન હોય દિવસ-૧૦માં કાર્યપાલક ઈજનેરશ્રીને મળી ચોક્કસ રજૂઆત કરવા જણાવેલ પરતું આજદિન સુધી આવી કોઈ રજૂઆત મળેલ નથી | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩૭ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૪) અમોએ ટી.સી. સ્થળફેર કરવા અરજી આપી છે. તેને આજ ૩૦ દિવસ પુરા થયા છે. પાવર વિના મોટરો ચાલતી નથી. કોઈને કંપની ફેર મોટરો હોય તો અડધો /એક કલાક ચાલે અને બંધ પડી જય છે.કોઈ મોટર પાણી બહાર આવે ને બંધ પડી જાય છે.વધો મોટરો શરુ થતી નથી તો આ ટી.સી.તાત્કાલિક બદલવું પડે તેમ હોવાથી આજે અત્યારેજ ફોનથી મોહનભાઈ ઉકાભાઈ ની વાડીમાં આવેલું ટી.સી. બદલવા ઓર્ડર આપો તેવે માંગણી છે. સાથે આ ટી.સી. સ્થળફેરફાર કરવાનું છે. તેની ખાસ નોંધ કરાવશો. ખેડૂતોને પાવર આપી પાક બજાવામાં મદદ કરો | શ્રી મોહનભાઇ ઉકાભાઇની વાડીવાળુ ટીસીના શીફટીંગનું સર્વેકામ પૂર્ણ કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯ ૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૩૮ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૧) ગુજરાત સરકારે જી.ઈ.બી.માં ૫૦ ટકા બિલ માફીની જાહેરાત આપી છે. તો ખેતીવાડીમાં/રેસીડેન્ટમાં ક્યારે માફી મળશે. એડવાન્સ રકમ ભરે કે ચાલુ બિલ ભરે તો તેમાં માફી મળતી નથી. તો માફી મળશે? ક્યારે મળશે?અને કેવી રીતે તે લેખિતમાં આપશો. | બિલ માફીની યોજના રેસિડન્સ માટેનો કોઈ પરીપત્ર સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ નથી. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૯ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૨)ખેતીવાડીમાં ૮ કલાક પાવર આપવાનો હોય છે. ૧૦ કલાકની પણ જાહેરાત હતી. તો કરી રીતે પાવર મળશે. પાવર એક સાથે અને ૪ કલાક દિવસે મળે તે રીતે પાવર મળવો જોઈએ. મોટેભાગે ટુકડે-ટુકડે ત્રણ-ચાર ટુકડે પાવર આવે તેવું બને તો ખેડૂતોને રાતદિવસ પાવર સામે જોઈને બેસવું પડે છે. અન્ય કામ કરી શકતા નથી. તો ૮ અથવા ૧૦ કલાક એક સાથે પાવર આપવો. | ખેતીવાડીમાં એકસાથે પાવર આઠ અથવા દસ કલાક આપવામાં આવે છે અને સદર ખેતીવાડી ફીડરોમાં વીજ પાવર આપવાનો સમય લોડ ડીસ્પેચ સેન્ટર દ્વારા નક્કી કરવાનાં આવે છે તે બાબતની રૂબરૂ ચર્ચા થયેલ અને જરૂરી સમજણ આપી રજુઆતનો નિકાલ કરેલ | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૪૦ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૩)જયારે ટી.સી. બદલવાનું હોય અન્ય મરામત હોય ત્યારે પાવર હાઉસથી એલ.સી.લઈને દરેક ખેડૂતનો પાવર બંધ કરવામાં આવે છે. તેને બદલે જ્યાં રીપેરીંગ હોય તો ફાંટા નાં જમ્પર છોડીને કામ કરવામાં આવે તેવી માંગણી છે. | જયારે સમારકામ કે ટીસી બદલવાનુ હોય ત્યારે શકય હોય ત્યાં સુધી જે તે સેકશન કટ કરી કામ કરવામાં આવે છે. ખેતીવાડી ફીડરોમાં અમુક અમુક અંતરે સેક્શન સ્વીચો મુકવામાં આવે જ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૪૧ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૪)નાગધણીબા ગામમાં પ્રથમ ૧૯૭૪ માં ખેતીવાડીમાં પાવર આપ્યો છે. તેને આજે ૩૯ વર્ષ થયા છે. અવાર-નવાર શોર્ટ સર્કિટ થઈને લો વોલ્ટેજમાં વાયર ગરમ થઈને બળી ગયા છે. તો આ વાયર બદલવા જોઈએ. જેની માંગણી અવારનવાર કરેલ છે.વાયર તૂટવાનું કારણ વાયર નબળા પડ્યા તે છે તો તેને બદલી આપવા. | તા.૧૨.૮.૨૦૧૫ન રોજ મેન્ટેનન્સ કરવામાં આવેલ છે, જેમાં ૨૨ ગાળાના એલ.ટી.લાઈના જુના વાયરો બદલી નવા વાયર નાખેલ છે, ૪ નમેલ પોલ સીધા કરેલ, તથા ૭ લોકેશન પર એલ.ટી.લાઈના નવા જમ્પર કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૫) સ્વ.આણંદભાઈ કાળાભાઈ ની વાડીમાં ખેતીવાડીમાં હાથથી અડી શકાય તેટલા નીચા વાયર ઘણાં વર્ષથી છે.સરપંચશ્રીએ તેના ફોટા પાડીને જે-તે લાગુ અધિકારી/આગેવાનો ને મોકલ્યા છે. છતાં રીપેર કર્યા નથી. જી.ઈ.બી.માં તન્ના સાહેબ હતા ત્યારે તેમણે પણ જાણ કરેલ છે. પરંતુ તપાસ નથી/કામ પણ નથી. જેની નોંધ લેશો. | તા.૧૨.૮.૨૦૧૫ન રોજ મેન્ટેનન્સ કરવામાં આવેલ છે, જેમાં ૨૨ ગાળાના એલ.ટી.લાઈના જુના વાયરો બદલી નવા વાયર નાખેલ છે, ૪ નમેલ પોલ સીધા કરેલ, તથા ૭ લોકેશન પર એલ.ટી.લાઈના નવા જમ્પર કરેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૪૩ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૬) ફોનથી કમ્પ્લેન લખાવે તો પહેલી-બીજી રિંગથી ફોન ઉપાડીને ફરિયાદ લખવી. અન્ય ફરિયાદ/અરજી ધ્યાને લેવી અને દરેક ફરિયાદનું તાત્કાલિક સર્વે કરીને જરૂરીયાત મુજબ કામ કરાવી આપવું. ખેડૂતને મિત્ર ગણીને અરજી સાંભળવી. અને ફરજ સમજી માનવતા રાખીને કામ કરવા સૂચન છે. | · કમ્પ્લેન સેન્ટરનો ફોન ઉપાડવામાં આવે છે છતા ચોમાસા દરમ્યાન વધુ ફરિયાદ હોય ફોન બીઝી આવતો હશે. છતાં સંબધિત કર્મચારીને સદર બાબતે સુચના આપવામાં આવેલ છે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેર મામસા ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૪૪ | શ્રી નાગધણીબા ખેડૂત પ્રગતિ મંડળ, ગામ:નાગધણીબા | ૭) નવી માધ્યમિક શાળામાં મીટરની માંગણી કરેલ છે તો હવે મીટર આપી દેવું. | નવી માધ્યમિક શાળા માટે અંદાજપત્રક પાઠવેલ છે જે ભર્યા બાદ વીજ જોડલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | શ્રી એ.એ.જાડેજા નાયબ ઇજનેરમામસા૯ ૮૭૯૨૦૧૯૬૫ | મામસા | શહેર વિભાગીય કચેરી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૪૫ | કમળેજ ગ્રામ પંચાયત | કમળેજ ગામના બી.પી.એલ. લાભાર્થીઓને મીટર ૧ વર્ષથી આપવામાં આવતા નથી તે બાબત | કમળેજ ગામના બી.પી.એલ. લાભાર્થીઓ માં જુના સ્થળ પર વીજબિલના નાણા બાકી હોવા થી વીજ જોડાણ આપી શકાય તેમ નથી. | શ્રી જે.આર.ગામિત ૯૮૭૯૨૦૧૯૪૫ | વરતેજ | ભાવ.ગ્રામ્ય વિભાગીય કચેરી | ભાવનગર | નિકાલ | | |
| ૪૬ | સરપંચ શ્રી વરતેજ | વરતેજમાં સ્ટ્રીટલાઇટ ની ફરિયાદ અંગે. | વરતેજ ગામમાં કુલ બે સ્ટ્રીટ લાઈટ કનેકશન છે. જેના ગ્રાહક નં ૧)૩૬૭૦૧/૦૧૫૩૯/૫ અને ૨)૩૬૭૦૧/૦૧૫૪૦/૯ છે. જેનું અનુકમે ૧) રૂપિયા ૧૧ લાખ તેમજ ૨)રૂપિયા ૯ લાખ એરીયસ હોવાથી કનેશન કાપેલ છે. | શ્રી જે.આર.ગામિત ૯૮૭૯૨૦૧૯૪૫ | વરતેજ | ભાવ.ગ્રામ્ય વિભાગીય કચેરી | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | ગ્રાહક ની લેખિત અરજીનો સમય મર્યાદામાં નિકાલ થતો નથી. | ગ્રાહકો ની ફરિયાદ નો સમયસર નિકાલ કરવામાં આવે છે તેમ છતાંય ચોક્કસ ફરિયાદ હોય તો તે વિષે અત્રેની કચેરી દ્વારા ગ્રાહકો ની ફરિયાદ નો સમયસર નિકાલ કરવામાં આવે છે, તેવું કાર્યપાલક ઈજનેરે સ્થળ પર જણાવેલ તેમ છતાય તેઓ શ્રી કામળીયાભાઈ ને કોઈ ચોક્કસ ફરિયાદ તેઓ પાસે હોઈ તે જણાવવી જેથી કરી રજુઆતનો નિકાલ કરી શકાય તે બાબતની રૂબરૂ સમજણ આપી ફરિયાદનો સ્થળ પર નિકાલ કરેલ | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૪૮ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | અધિકારીઓ ઓફીસ સમય દરમિયાન હાજર હોતા નથી. | પેટાવિભાગીકચેરીના કર્મચારીઓ/ અધિકારીઓ ને કચેરી ના કામકાજ અર્થે વિવિધ મીટીંગ મા હાજરી આપવી જરૂરી હોય, તેમજ અન્ય સરકારી કચેરી દ્વારા આપવામાં આવતી અન્ય સરકારી કામગીરી પણ કરવાની રહે છે. તેમજ પેટાવિભાગીય કચેરી ની નવા વીજજોડાણ ની કામગીરી, વીજચેકિંગ તેમજ કલેક્શન-ડીસકનેક્શન, સાઈટ સર્વે, વગેરે કામગીરી કરવાની હોય છે જેથી તેઓ દરેક સમયે ઓફીસ મા હાજર રહી શકતા નથી. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૪૯ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | લાઈન રીપેરીંગ વગેરે બાબતનો સંતોષ કારક રીપેરીંગ કરતા નથી અને હલકી ગુણવત્તા નું કાર્ય કરે છે તેથી લાઈન મા વારંવાર ફોલ્ટ આવે છે. | અત્રેની કચેરી ને મળતી વીજવિક્ષેપ બાબતે કોઈ પણ ફરિયાદનું શક્ય એટલી ઝડપ થી નિરાકરણ કરવામા આવે છે. તેમજ સારી ગુણવત્તા ની કામગીરી કરી ગ્રાહકો વીજપુરવઠો વિના વિક્ષેપ મળી રહે તે માટે નું પૂરતો પ્રયાસ કરવામાં આવે છે. એમ છતાં તમારી કોઈ ચોક્કસ સ્થળ પર વીજવિક્ષેપ ની ફરિયાદ હોય તો તે વિગતવાર માહિતી સાથે જણાવશો. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૦ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | ઓફીસ નિયમ મુજબ અધિકારીની માહિતી ઓફિસમાં હોતી નથી અને કયા કર્મચારી ને કયું કાર્ય કરવું તે બાબતે અરજદાર ભારે હેરાનગતિ થાય છે. | પેટાવિભાગીય કચેરી મા આવતા ગ્રાહકો ના દરેક પ્રશ્નો નો દરેક કર્મચારી દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવે છે. તેમજ દરેક પેટાવિભાગીય કચેરી મા હેલ્પડેસ્ક (મદદકર્તા) નિયુક્ત કરેલ છે તેમજ તેમનો સંપર્ક કરવા , તેમજ તેમના દ્વારા સંતોષકારક જવાબ ન આપવામાં આવે , મદદ ની જરૂર જણાયે જે તે પેટાવિભાગીય કચેરી ના નાયબ ઈજનેર/ જુનીયર ઈજનેર નો સંપર્ક કરવા અને જરૂર જણાયે કાર્યપાલક ઈજનેરશ્રી નો સંપર્ક કરવા જાણકારી આપતું બેનર દરેક પેટાવિભાગીય કચેરીઓ મા લગાડવામાં આવેલ છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૫૧ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | ઓફિસમાં રજૂઆત અને વિવિધ કાર્ય માટે યોગ્ય નમુના ઉપલબ્ધ હોતા નથી અને આ બાબતે એજન્ટો તગડી ફી વસુલે છે. | ઓફીસ મા વિવિધ ફરીયાદ અંગે ના પ્રફોરમાં ઉપલબ્ધ છે જ. તદઉપરાંત એજન્ટો થી દુર રહેવા તેમજ નવા જુના વીજજોડાણ તેમજ અન્ય ફરિયાદ માટે દરેક પેટા વિભાગીય કચેરી મા હેલ્પડેસ્ક (મદદકર્તા) ની નિમણુંક કરેલ છે જેમનો સંપર્ક કર્યે જરૂરી માહિતી અને ફરિયાદ અંગે ના પર્ફોરમાં મળી રહેશે. જે આપની જાણ સારૂં. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૫૨ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | ઓફિસમાં જાહેર માહિતી અધિકાર બાબતે કોઈ જાણકારી માટે બોર્ડ લેખિત હોતા નથી.તે અધિકારી ના બાબત માટે તે લખતા નથી. | દરેક પેટાવિભાગીય કચેરી મા માહિતી અધિકાર નિયમ બાબતે નિમણુંક કરેલ અધિકારી અંગે ની માહિતી અંગેનું બોર્ડ દરેક પેટાવિભાગીય કચેરી મા લગાડવામાં આવેલ હતા પરંતુ છેલ્લા મહિના મા આવેલ વરસાદ અને વાવાજોડા ના કારણે અમુક પેટાવિભાગીય કચેરી ના બોર્ડ ને નુકસાન થયેલ હોય નવા બોર્ડ લગાડવાની કાર્યવાહી અત્રેની કચેરી દ્વારા શરુ છે. તેમજ દરેક પેટાવિભાગીય કચેરી મા નાયબ ઈજનેર પોતે જ જાહેર માહિતી અધિકારી છે. જે આપની જાણ સારૂં. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૩ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | ઓફીસ ના દરેક કાર્ય માટે સમય મર્યાદા નો લેખિત બોર્ડ નથી અને આનો લાભ કર્મચારી ઉઠાવે છે અને કામ સમય મર્યાદામાં કરતા નથી અને ગ્રાહકો ને હેરાનગતિ થાય છે. | પેટાવિભાગીય કચેરી મા આવતા ગ્રાહકો ને હેરાનગતી ન થાય તે માટે ઓફીસ ના કામકાજ ના સમયગાળા ની જાણકારી આપતા બોર્ડ દરેક પેટાવિભાગીય કચેરી મા મુકવામાં આવેલ છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૫૪ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ,મુ.રાણીવાડા | દરેક ગામની અંદર કામગીરી માટે રીપેરીંગ કે મીટર બદલાવવા કે અન્ય કામગીરી માટે ગ્રામ પંચાયતને લેખિત આપતા નથી અને કર્મચારી અને કોન્ટ્રકટર યોગ્ય કામગીરી કરતા નથી. | દરેક પેટાવિભાગીય કચેરી ના કર્મચારી ઓ દ્વારા દરેક કામગીરી યોગ્ય રીતે કરવામાં આવે જ છે. તેમજ કોઈ પણ ગામમા મીટર બદલાવવા કે કોઈ ફરિયાદ કે અન્ય કામગીરી નો અહેવાલ/ રીપોર્ટ અમારી ઉપલી કચેરી ને જ આપવાનો હોય છે જે મુજબ કરવામાં આવે છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૫૫ | કામળીયા મથુરભાઈ નાનજીભાઈ ,મુ.રાણીવાડા | કંપની ના કર્મચારી લાઈન લોસ નિષ્ફળ હોય ખરા ગ્રાહકને એનકેન રીતે હેરાનગતિ કરે છે અને કોર લોકોનો બચાવ કરે છે. | કંપની ના લાઈન લોસ ઘટાડવા માટે અત્રેની કચેરી એ થી પુરતી કામગીરી કરવામાં આવે જ છે, અને તે બાબતે કોઈ પણ વીજચોરી કરનાર વ્યક્તિ નો બચાવ કરવામાં આવતો નથી. દરેક વીજચોરી કરનાર વિરુદ્ધ કંપની ના નિયમ અનુસાર ની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ તમને આવા વીજચોરી કરનાર વ્યક્તિ ની માહિતી અત્રેની કચેરી એ ઉપલબ્ધ કરવા વિનંતી. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૬ | ધીરુભાઈ ભોળાભાઈ કુચા, મુ.કુંભણ | વિજળી માટે વખતો વખત પીજીવીસીએલ ની જરૂરીયાત હોય આ માટે લાઈનમેન તથા કર્મચારીઓ ઓફીસ ટાઈમ દરમિયાન હાજર હોતા નથી અને વાલા દવલા ની નીતિથી કાર્ય કરે છે. અને અરજદાર ની લેખિત અરજી નો સમય મર્યાદામાં નિકાલ કરતા નથી. અને ખોટી હેરાનગતી કરે | અત્રેની કચેરી ના વિવિધ કામગીરી માટે કચેરી ના લાઈનમેન ને બહાર જવું જરૂરી હોય તેઓ દરેક સમયે ઓફીસ મા હાજર રહી શકે નહિ. તદઉપરાંત કચેરી ના કર્મચારી ઓ ને કચેરી ના કામકાજ અર્થે વિવિધ મીટીંગ મા હાજરી આપવી જરૂરી હોય, તેમજ નવા વીજજોડાણ ની કામગીરી, વીજચેકિંગ તેમજ કલેક્શન-ડીસકનેક્શન, સાઈટ સર્વે, વગેરે કામગીરી કરવાની હોય તેઓ દરેક સમયે ઓફીસ મા હાજર રહી શકે નહિ. તેમજ પેટાવિભાગીય કચેરી મા આવતા ગ્રાહકો ને હેરાનગતી ન થાય તે માટે દરેક પેટાવિભાગીય કચેરી મા હેલ્પડેસ્ક (મદદકર્તા) નિયુક્ત કરેલ છે તેમજ તેમનો સંપર્ક કરવા જાણકારી આપતું બેનર પણ દરેક પેટાવીભાગીય કચેરી મા લગાડવામાં આવેલ છે સદર બાબતની સમજણ આપી ફરિયાદનું સ્થળ પર નિકાલ કરવામાં આવેલ છે. તદઉપરાંત અત્રે ની કચેરી મા કોઈ પણ ગ્રાહક તરફ વાલા-દવલા ની નીતિ રાખવામાં આવતી નથી. તેમ છતા તમારી રજૂઆત અનુસંધાને પેટાવિભાગીય કચેરી-૧ મહુવા ને આ બાબતે જરૂરી સુચના આપી દેવામાં આવેલ છે. તેમજ દરેક ગ્રાહક ની ફરિયાદ મળ્યે તેમની ફરિયાદ નું સમયસર નિકાલ કરવા માં આવે જ છે. તેમ છતાં જો કોઈ ચોક્કસ જગ્યાએ તમારી ફરિયાદ હોય અને તાત્કાલિક કામગીરી કરવાની જરૂર તમને જણાય તો વિગતવાર માહિતી સાથે જણાવશો. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૧ | મહુવા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૭ | છગનભાઈ એન. ભાલીયા અને ડોલિયા ગ્રામ પંચાયત | ડોળીયા ગામ મા ૩૭૫ મકાન વિજળી વિહોણા હોય જેમાં ૧૮૯ કનેક્શન માટે ટી.ડી.ઓ મા ઝૂપડપટ્ટી વિજળીકરણ માટે પૈસા ભરવામાં આવેલ હોય છતાં વિજળી મળતી નથી. | ગ્રામ્ય-૧ પેટાવિભાગીય કચેરી મહુવા દ્વારા સદર વીજજોડાણ માટે સર્વે કરતા સદર ૧૮૯ મકાન વાડી વિસ્તાર મા આવેલ માલુમ પડેલ છે. જેથી કંપની ના પ્રવર્તમાન નિયમ અનુસાર સદર સ્થળ વાડી વિસ્તાર મા હોય ત્યાં ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજજોડાણ મળી શકે નહિ. પરંતુ તે મકાનો મા ખેતીવાડી ફીડર માંથી ઘરવપરાશ ના વીજજોડાણ મળી શકશે. જે માટે જરૂરી દસ્તાવેજો સાથે સંલગ્ન પેટાવિભાગીય કચેરી નો સંપર્ક કરવા તમને જણાવવામા આવે છે.તદઉપરાંત ગુજરાત સરકાર ની સોલાર હોમ લાઈટ યોજના હાલ શરુ છે જેમાં નોંધણી કરાવી તે યોજના હેઠળ તમે લાભ મેળવી શકો છો. આ યોજના હેઠળ જે લાભાર્થી અરજી કરવા ઇચ્છતા હોય તેઓની અરજી સંલગ્ન પેટાવીભાગીય કચેરી મા તા.૩૧.૦૭.૨૦૧૫ સુધી સ્વીકારવામાં આવશે. સદર બાબતની સમજણ આપી ફરિયાદનું સ્થળ પર નિકાલ કરવામાં આવેલ છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૧ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૫૮ | ધીરુભાઈ માવજીભાઈ કુચા, મુ.કુંભણ અને જે.જે. રસાણીઆ , અંગત મદદનીશ , વિરોધ પક્ષ ના નેતાશ્રીનું કાર્યાલય, ગાંધીનગર | કુંભણ ગામના ખેડૂત ખાતેદાર હિમતભાઇ બેચરભાઈ રામાણી વિગેરેને નાયબ ઈજનેર, પીજીવીસીએલ ની કચેરીના કુંભણ ગામે રે.સ.નં. ૭૨ માં ગેરકાયદેસર વીજ કનેક્શનના ઉભા કરેલ પોલ ને કાઢી નાખવા બાબત. | અરજદાર દ્વારા સદર પ્રશ્ન ની રજૂઆત તાલુકા સ્વાગત માં કરવામાં આવેલ હતી જે અનુસંધાને મામલતદાર શ્રી મહૂવા દ્વારા મહૂવા તાલુકા ના શાખા અધ્યક્ષ શ્રી ને પત્ર દ્વારા જાવક નં. એમએજી/તા.સ્વા/જુલાઈ/પ્ર-૨/૨૦૧૫ તા.૨૩.૦૯.૨૦૧૫ થી રસ્તા ની બન્ને બાજુમાં ખેડૂતો દ્વારા કરેલું દબાણ દુર કરાવવા તેમજ દબાણ દુર થયે પીજીવીસીએલ કચેરી ને જાણ કરવા જણાવેલ છે. જેથી સાદર પ્રશ્ન હાલ પીજીવીસીએલ કક્ષાએ પેન્ડીંગ રહેતો નથી. જમીન શાખા દ્વારા દબાણ દુર કર્યે પોલ ફેરવવામાં આવશે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૧ | મહુવા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૯ | મંગાભાઈ વેલાભાઈ શિયાળ, મોટી જાગધાર, તા: મહુવા | બાજુ માંથી લાઈટ લીધેલ તો ચેકિંગ શીટ ભરેલ. | સદર વ્યક્તિની પાવર ચોરીની ચેકિંગ શીટ નં.૪૯૮૩૪ તા ૫.૩.૨૦૧૪ ના રોજ ભરેલ છે અને આથી ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ના સેક્સન ૧૩૫ મુજબ પાવર ચોરી મા પકડાયેલ હોય પાવર ચોરી બીલની રકમ ભરવાપાત્ર છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૨ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૬૦ | જીતુભા ધરમશીભાઇ ગોહેલ, ખારી, બગદાણા | પાવર ચોરી બાબત | પાવરચોરી અંગેની સદર રજુઆત જનરલ હોય તેમજ જે.જી.વાય ટુ એ.જી. વીજ જોડાણ સબંધીત હોય ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ના સેક્સન ૧૩૫ મુજબ પાવર ચોરી મા પકડાયેલ વ્યક્તિ/ગ્રાહક દ્વારા પાવર ચોરી અંગેના બીલની રકમ ભરવાપાત્ર થાય છે તેવી સમજણ આપેલ છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | બગદાણા | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૬૧ | હરેશભાઈ કુરજીભાઈ આંબલીયા, સરેરા, તા: મહુવા | પાવર ચોરી બાબત | કુરજીભાઈ નારણભાઈ આંબલીયા નામના વ્યક્તિની પાવર ચોરીની ચેકિંગ શીટ નં.૨૧૪૭ તા ૧૮.૧.૨૦૧૩ ના રોજ ભરેલ છે અને આથી ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ના સેક્સન ૧૩૫ મુજબ પાવર ચોરી મા પકડાયેલ હોય પાવર ચોરી બીલની રકમ ભરવાપાત્ર છે. | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | ગ્રામ્ય-૧ | મહુવા | ભાવનગર | નિકાલ | | |
| ૬૨ | કાસમભાઈ એ. ઓઢેજા , સરપંચ, તાતણીયા ગ્રામ પંચાયત | વોટર વર્કસ નું કનેક્શન આપવા બાબત | તાતણીયા ગ્રામપંચાયત વોટરવર્કસ કનેક્શન તા.૨૪.૦૭.૨૦૧૫ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે | સી.આર,કામળીયા,કાર્યપાલક ઈજનેર ૯૮૭૯૨૦૦૭૮૫ | જેસર | મહુવા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૩ | મધુભાઈ પુનાભાઈ ગુજરાતી મુ- પરવડી તા ગારીયાધાર | ૧ ફેઈઝ ઘરવપરાશ કનેક્શનના પુરવણી બીલ બાબત. | ઉપરોક્ત બાબતે ગ્રાહકનું કનેક્શન તા, ૨૬.૦૯.૧૪ ના રોજ તપાસ કરતા સ્થળ પર MMB સીલ લાગેલ ન હતુ તેમજ ટર્મિનલ બ્લોકમાં ફેઇઝ ટુ ફેઇઝ સ્પાર્કીંગના નિશાન હોય તેના કારણે ગ્રાહકને ૨૧૦૮.૦૭રૂપીયાનુ આકારણી બીલ કલમ નં ૧૨૬ મુજબ આપેલ તે થેફ્ટ બીલ તથા ચાલુ બીલ ૧૫૦૦+૧૧૦૦ તા, ૨૫.૦૩.૧૫ અને ૩૧.૦૫.૧૫ના રોજ પેમેન્ટ કરેલ છે. ત્યાર બાદ આજ કનેક્શન ફરીથી ચેક કરતા તા,૧૫.૦૪.૧૫ ગ્રાહકના વીજ મીટર પર સીલ લાગેલ ન હતુ મીટરના ટર્મિનલ સ્ક્રૂમાં ઘસરકાના નિશાન જોવા મળેલ હતા જેના કારણે ગ્રાહકને ફરીથી કલમનં ૧૨૬ મુજબ (તા, ૨૬.૦૯.૧૪ થી ૧૫.૦૪.૧૫ સુધીના ૨૦૧ દિવસનું) બીલ રૂ.૫૧૩૮.૬૬ આપેલ હતુ આમ ચાલુ માસનું બીલ ૫૨૮.૨૮તથા અગાઉ (થેફ્ટ ની બાકી રકમ)રૂ, ૫૯૫૯.૬૯ મળીને ૬૪૮૭.૯૭ આપેલ છે. | જે પી મશરૂ ના.ઈ ગારીયાધાર-૨ સ.ડી મો- ૮૯૮૦૦૩૧૭૫૭ | ગારીયાધા ર-૨ સ.ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૬૪ | ભુપતભાઈ અમીભાઈ મોરી મુ- પાદરગઢ તા- તળાજા | પોતાનું અંગત ટી સી મુકવા બાબત | ગ્રાહકના પ્રશ્ન ના અનુસંધાને જરૂરી ટી સીનું બાયફરકેશન તા ૧૬.૯.૨૦૧૫ના કરેલ છે. | જી બી પરમાર ના.ઈ તળાજા-૧ સ.ડી મો- ૯૯૨૫૨૦૯૨૯૦ | તળાજા-૧ સ. ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૫ | હસમુખભાઈ ગોવિંદજી ગોહિલ મુ- બોરડા તા- તળાજા | ટી સીનુ સ્થળ ફેરફાર કરવા બાબત | ગ્રાહકના પ્રશ્ન અનુસંધાને અરજદારશ્રીને તા, ૨૦.૦૯.૦૯ વીજમીટર આપવામાં આવેલ તત્કાલીન સમયે ટીસી ફેરબદલી અંગે રજૂઆત આવેલ ન હતી તા ૨૮.૦૪.૧૪ના રોજ ટીસી ફેરવવા અરજી(આવેલ જે અનુસંધાને સ્થળ તપાસ કરતા અરજદારની વીજ ચોરી પકડાયેલ હતી આ પ્રશ્નનો નિકાલ સ્વાગત તેમજ મુખ્ય મંત્રીશ્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પણ કરવામાં આવેલ છે | જી બી પરમાર ના.ઈ તળાજા-૧ સ.ડી મો- ૯૯૨૫૨૦૯૨૯૦ | તળાજા-૧ સ. ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૬૬ | રામજીભાઈ એમ ભૂત મુ-લીલીવાવ તા-તળાજા. | જર્જરીત એલ ટી લાઈનનુ સમરકામ બાબત. | ગ્રાહકના પ્રશ્ન ના અનુસંધાને જરૂરી ટી સી બાયફરકેશનનુ સર્વે કરવામાં આવેલ છે, અને તા ૧૬.૯.૨૦૧૫ના રોજ ટી.સી. ફેરવામાં આવેલ છે. | જી બી પરમાર ના.ઈ તળાજા-૧ સ.ડી મો- ૯૯૨૫૨૦૯૨૯૦ | તળાજા-૧ સ. ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૬૭ | મગનભાઈ બેચરભાઈ વીરડી તા- ગારીયાધાર | (૧) ખેતીવાડી ટીસી બળેલ હોય ત્યારે જેટકો દ્વારા નાઈટના સમયે રીપોર્ટ કરવા માટે દિવસે થ્રી ફેઈઝ ન કરતા આઠ દિવસ સુધી ટીસીના રીપોર્ટ નથી થતા. | પ્રશ્ન નં -૧ ના જવાબમાં જેટકો સાથે પત્ર નં-PD/TMS/Esta/6089 dt,16.07.15થી વહેવાર કરેલ છે,આથી જેટકો સાથે યોગ્ય ચર્ચા કરેલ છે,અને પ્રશ્નનું નિવારણ કરેલ છે. | ડી.આર.તાવિયાડ,નાયબ ઇજનેર, ગારીયાધાર-૧ મો.9925209296 | ગારીયાધાર-૧ | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૬૮ | મગનભાઈ બેચરભાઈ વીરડી તા- ગારીયાધાર | (૨) ખેતીવાડી ન્યુ કનેક્શનના કોટેશન ભરાઈ પછીતેને સમાન ના હોવાથી કામ-૧૮૦ દિવસ સુધી પણ થતા નથી તેમજ સબ ડિવીઝન પૂછતા પોલ તેમજ ટીસી એંગલ,ડીસ,પીન તેમજ બીજો સમાન ન હોવાથી કામ થયેલ નથી તેવા જવાબ મળે છે, | (૨) ૨૪-૬-૨૦૧૫ન રોજ આવેલ વાવાઝોડાને કારણે સમારકામની કામગીરી તાત્કાલિક ધોરણે પૂરી કરવાની હોય માલ સામાન તેમજ માણસોનો ઉપયોગ આશરે ૧ મહિના સુધી કરવામાં આવેલ હોય જેથી ખેતીવાડીના કનેક્શનોનું કામ થયેલ ન હતુ હવે તાત્કાલિક અસરથી ખેતીવાડીના નવા કનેકશનોની કામગીરી હાથે લીધેલ હોય પ્રશ્નનો નિકાલ ઝડપથી કરવામાં આવશે. | ડી.આર.તાવિયાડ,નાયબ ઇજનેર,ગારીયાધાર-૧મો.9925209296 | ગારીયાધાર-૧ | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૯ | મગનભાઈ બેચરભાઈ વીરડી તા- ગારીયાધાર | ૩)ખેતીવાડી જૂની એલ ટી લાઇનલાંબી હોય વચ્ચેથી પાવર ચોરી થતી હોઈ અને ખેડૂતોની ફરિયાદ પાવર પુરા વોલ્ટ થી મળતો ન હોઈ તો આ ખેડૂતોની લોડ વધારામાં ટીસી આપવા બાબત. | (૩)વીજ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ જે જગ્યા પર વારંવાર ટીસી ફેલ થતું હોય તેમજ એલ ટી લાઈન ૧.૫ કિલો.મી ઉપર જતું હોય તથા % એલ.ટી.વી.આર. ૬% થી વધારે હોય તેવા ખેતીવાડી ના ગ્રુપનું બાયફરકેશન કરીને નાની ક્ષમતાના ટીસીનું કામકાજ કરવાનું રહે છે,જે ગ્રાહકની અરજીના અનુસંધાને કરી આપવામાં આવે છે. | ડી.આર.તાવિયાડ,નાયબ ઇજનેર, ગારીયાધાર-૧ મો.9925209296 | ગારીયાધાર-૧ | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૭૦ | મગનભાઈ બેચરભાઈ વીરડી તા- ગારીયાધાર | (૪) ખેતીવાડીમાં જરુરીત્યાત સમયે ટીસી બળેલ હોય ત્યારે જરૂરિયાત મુજબ ટીસી નો સ્ટોક રાખી નિયત સમયમાં ટીસી બદલવા | (૪)વિભાગીય કચેરી ખાતે બળેલા ટીસી ને બદલવા માટે ૧૦ ટકા ટીસીનો સ્ટોક સ્ટોર ખાતે અનામત રાખવામાં આવે છે, | ડી.આર.તાવિયાડ,નાયબ ઇજનેર, ગારીયાધાર-૧ મો.9925209296 | ગારીયાધાર-૧ | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૭૧ | મગનભાઈ બેચરભાઈ વીરડી તા- ગારીયાધાર | (૫)ગામડાના વિલેઝ હેલ્પરની પોસ્ટની વહેચણી ૨૦ વર્ષ પહેલા ગોઠવાયેલ હોય આજની તારીખે કનેક્શનો ચાર ગણ વધતા નવો સ્ટાફ વધારેલ નથી | ગામડાઓમાં કનેકશનોની સંખ્યા વધતા સ્ટાફની સંખ્યા વધારવામાં આવે છે.૨૦ વર્ષ પહેલા એટલા જ વિસ્તાર માટે એક સબ ડીવીઝન અસ્તિત્વ ધરાવતું હતું.સમયાંતરે કનેકશનોની સંખ્યા વધતા ૨૦૧૧ માં નવું સબ ડીવીઝન કરવામાં આવેલ છે.અને સ્ટાફની સંખ્યા પણ બમણી થયેલ છે. તેમજ લાઈન અંગેની મહતમ કામગીરી આઉટ શોર્સીંગ થી કરવામાં આવતી હોય જેથી ગ્રાહકોની સેવામાં કોઈ અગવડતા ઉભી થતી નથી. અને ૨૦ વર્ષ પહેલા ગ્રાહકોની સેવા માટે એક વાહન હતું જયારે હાલમાં ચાર વાહનો ઉપલબ્ધ છે. | ડી.આર.તાવિયાડ,નાયબ ઇજનેર,ગારીયાધાર-૧મો.9925209296 | ગારીયાધાર-૧ | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૨ | મગનભાઈ બેચરભાઈ વીરડી તા- ગારીયાધાર | (૬)ગામડામાં ખેતીવાડી શરુ થઇ ત્યારે હેલ્પરને અન્ય કામમાં ના મુક્ત ખેતીવાડી ના પાવર ફોલ્ટ દુર કરવા તેમજ બળેલ ટીસી બદલવાની વ્યવસ્થા કરાવવી જેથી ખેડૂતોને નુકશાન વેઠવાનો વારો ના આવે | (૬)આ પ્રશ્ન નિકાલ માટે દરેક પેટા વિભાગીય કચેરીને ખેતીવાડીમાં પાવર ફોલ્ટ દુર કરવા તથા બળેલ ટીસીનો રીપોર્ટ કરવા માટેની સુચના આપવામાં આવેલ છે જ. | ડી.આર.તાવિયાડ,નાયબ ઇજનેર, ગારીયાધાર-૧ મો.9925209296 | ગારીયાધાર-૧ | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૭૩ | મનુભાઈ, સરપંચ ગામ:-વેજોદરા, | વર્ષ ૧૯૯૧-૯૨ ના વાડી વિસ્તાર ના કનેક્શન બાબત | વર્ષ ૧૯૯૧-૯૨ માં ૧૨ કનેક્શન એફ. કર્યું . નોટ પેઈડ કેન્સલ થયેલ હોય, વાડી વિસ્તાર માં ૧૨કનેક્શન આપેલ નથી. આવા ગ્રાહક દ્વારા ફરીથી અરજી કરતા કંપની ના પ્રવર્તમાન નીયોમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. | જી બી પરમાર ના.ઈ તળાજા-૧ સ.ડી મો-૯૯૨૫૨૦૯૨૯૦ | તળાજા-૧ સ. ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૭૪ | મુળુભાઇ ઉકાભાઈ, મોટા ધાણા | કનેક્શન નહિ આપવા બાબત | ૧૯૯૯ માં પૈસા ભરેલ હતા.અરજદાર દ્વારા ખૂટતા કાગળ મેળવેલ છે અને પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજમ કાર્યવાહી કરેલ છે. | જી બી પરમાર ના.ઈ તળાજા-૧ સ.ડી મો-૯૯૨૫૨૦૯૨૯૦ | તળાજા-૧ સ. ડી | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |
| ૭૫ | લાલજીભાઈ આંબાભાઈ,સરપંચ, ખાખરીયા ગ્રામ પંચાયત | પાલીતાણા તાલુકા ના ખાખરીયા ગામે ૧૯૭૯ માં લાઈટ આવેલ પણ હજુ સુધી કુંભણ ફીડર માં મેઈન્ટેનન્સ કરવા માં આવેલ નથી. તેમજ ઘોડીધાલ ૬૬ કેવી માંથી શરુ કરેલ. કુંભણ ફીડર માંથી લાઈન અપાયેલ હોઈ અવારનવાર મુશ્કેલી પડતી હોઈ, કુંભણ ફીડર માટે ફાળવેલ ૧૨૫૦૦૦૦ રૂ ની જોગવાઈ કરેલ હોઈ જેનો નિર્ણય આવેલ નથી. દરેક કનેક્શન પર જુદા જુદા ટીસી મુકવા ની કાર્યવાહી કરવા બાબત. | તા: ૧૫/૬/૧૫, ૨૮/૬/૧૫ અને ૧૫/૭/૧૫ ના રોજ સદર ફીડર નં સમારકામ કરવામાં આવેલ છે છતાં હજુ વધુ સમારકામ ની જરૂરિયાત હોવાથી તા.૦૫.૦૯.૨૦૧૫ના રોજ સમારકામ કરેલ છે. | બી.એમ.કવાડ, નાયબ ઇજનેર, ઘોડીધાળ સ.ડી મો ૯૬૮૭૬૬૨૭૫૭ | ઘોડીધાળ સ.ડી. | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |